# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૦૧/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## કાપડ – ગારમેન્ટ ઉપર વધેલા જીએસટી ટેકસ રેટને પાછો ખેંચવા ચેમ્બરની ગાંધીનગર ખાતે રાજ્યના નાણાં મંત્રીને રૂબરૂ રજૂઆત

### રાજ્યના નાણાં મંત્રી કનુભાઇ દેસાઇ તથા ગુજરાતના ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેકસીસ મિલિન્દ તોરવણેને કાપડ અને ગારમેન્ટ ઉપર વધેલા જીએસટી ટેકસ રેટને પાછો ખેંચવા રજૂઆત કરાઇ, રાજ્ય સરકાર પ્રયાસ કરશે

### હવે ગુજરાતના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને દેશના ટેકસટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશને રજૂઆત કરવામાં આવશે, સાંસદો દ્વારા જીએસટી કાઉન્સીલમાં રજૂઆતોનો દોર આગળ વધારવામાં આવશે

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ આશીષ ગુજરાતી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સિનિયર ઉપપ્રમુખ પથિક પટવારી, ફોગવાના પ્રમુખ અશોક જીરાવાલા, મયુર ગોળવાલા અને સુરેશ પટેલ તથા ફિઆસ્વી, ફોસ્ટા, મસ્કતિ માર્કેટ મહાજન– અમદાવાદ અને નીવકલોથ માર્કેટ– અમદાવાદ સહિતના પ્રતિનિધી મંડળે બુધવાર, તા. ૧લી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના નાણાં મંત્રી કનુભાઇ દેસાઇ તથા ગુજરાતના ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેકસીસ મિલિન્દ તોરવણે સાથે રૂબરૂ મિટીંગ કરી હતી.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે ચેમ્બરે, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા ટેકસટાઇલના વિવિધ એસોસીએશનો સાથે મળીને ગુજરાત રાજ્યના નાણાં મંત્રી કનુભાઇ દેસાઇ તથા ગુજરાતના ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેકસીસ મિલિન્દ તોરવણેને કાપડ અને ગારમેન્ટ ઉપર વધેલા જીએસટી ટેક્સ રેટને પાછો ખેંચવા માટે રજૂઆત કરી હતી.

કાપડ અને ગારમેન્ટ ઉપર જીએસટી ટેક્સ રેટને ૫ ટકાથી વધારીને ૧૨ ટકા કરવામાં આવ્યો છે તેનાથી ભારત સરકાર કે ગુજરાત સરકારને રેવન્યુ જનરેટ થવાની નથી તે બાબત સમજાવવામાં આવી હતી. સરકારને આવક તો થશે જ નહીં પણ ટેકસટાઇલ ઉદ્યોગનો વિકાસ રૂંધાઇ જવાની શકયતાઓ વધી જશે અને વૈશ્વિક સ્તરે ટેકસટાઇલ ક્ષેત્રે ભારતની સ્પર્ધાત્મકતા પણ ઘટી જવાની સંભાવના વધી જશે. આખા ભારતમાં લગભગ ૨૩ થી ૨૫ લાખ લોકોને રોજગારી ગુમાવવાનો વારો આવી શકે છે તથા આશરે ૪ કરોડ લોકોના જીવન નિર્વાહનો પ્રશ્ન ઉભો થઇ શકે છે. સાથે જ દેશનો આર્થિક વિકાસ રુંધાઇ શકે છે. બેરોજગારીને કારણે લોકો રસ્તા ઉપર ઉતરી આવીને કાયદો હાથ લઇ શકે છે. જેથી દેશની શાંતિ ડહોળાઇ શકે છે.

રાજ્યના નાણાં મંત્રી કનુભાઇ દેસાઇ તથા ગુજરાતના ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેકસીસ મિલિન્દ તોરવણેએ રજૂઆત સાંભળી હતી અને આ અંગે રાજ્ય સરકાર તરફથી બનતા તમામ પ્રયાસો કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે ચેમ્બરના પ્રતિનિધી મંડળને ગુજરાતના પ્રદેશ પ્રમુખ અને નવસારી સાંસદ સી.આર. પાટીલ તથા દેશના ટેકસટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશને રજૂઆત કરવાનું જણાવ્યું હતું. આ બંને સાંસદો જ જીએસટી કાઉન્સીલમાં આ મામલે રજૂઆતોનો દોર આગળ વધારશે. આથી હવે ચેમ્બર દ્વારા ટેકસટાઇલ એસોસીએશનો સાથે મળીને સી.આર. પાટીલ અને દર્શના જરદોશ સમક્ષ રજૂઆત કરવામાં આવશે.